||ॐ શ્રી સાઈરામ ||

|| ॐ શ્રી સાઈ આનંદદાય નમ: ।। (૩૭)

## શાશ્વત આનંદ પ્રદાન કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

આનંદસ્વરૂપ ભગવાન બાબા તેમના ભક્તોને સદૈવ (હંમેશા) આનંદ આપતા હોય છે. સ્વામી કહે છે-' હું કેવળ (ફક્ત) પ્રેમ જ છું.  તમને ખ્યાલ આવશે કે હું કેવળ આનંદ પ્રદાન કરું છું. આ આનંદ મારફતે હું તમને પ્રેમ આપું છું. સાંત્વન, સહારો અને શાંતિ ભક્તોને આપવી એ જ મારું કાર્ય છે. એનો અર્થ એ કે, મારો સ્વભાવ વિશેષ તે જ પુરાતન અને અસલ છે જે પૂર્વ (પહેલા) ના મારા રૂપમાં પણ હતો. હમણાં પ્રગટ થયેલું મારું રૂપ ફક્ત નવું છે.

સ્વામીના દર્શન મળશે એ ભાવનાથી પણ ભક્તોના આનંદનો પાર રહેતો નથી. પ્રત્યક્ષ સ્વામીનું દર્શન થયા પછી જે આનંદપ્રદ ભાવના અપાર જન સમુદાયના મનમાં ઊછળે છે તે જોતા આ આનંદ આપનારા વિશ્વના એકમાત્ર સ્વામી જ છે, એવું બધાને લાગે છે. ભક્તોના ચહેરા પરનો આનંદ જોઈને સ્વામી કહે છે-

‘આ અપાર જન સમુદાયના ચહેરા પરનો ઉજ્જવળ આનંદ જ મારું અન્ન છે. તેના પર જ હું જીવું છું. તમે આનંદી અને તૃપ્ત થાઓ, એટલે હું પણ તાજગી અનુભવું છું. આનંદથી ચમકતી તમારી આંખો જોઈને, મારી તરસ છીપાય છે. તમારો આનંદ એ જ મારો આહાર છે. હું મારો આનંદ જ ફક્ત તમારા સુધી પહોંચાડવા ઇચ્છું છું અને તમારા આનંદમાં સદભાગી થવા ઇચ્છું છું. આ પરસ્પર પૂર્તતા આવશ્યક છે.’

સ્વામી જે આનંદ ભક્તોને આપે છે, તેની આ એક નાની વાર્તા (કથા). થોડાક વર્ષો પહેલાં સ્વામીના દર્શન માટે એક કુટુંબ ગયું હતું. તેમાંની એક નાની છોકરીને લાગ્યું કે, સ્વામીએ આપણી તરફ જોવું. તેથી દર્શન સમયે તે છોકરી સ્વામી, સ્વામી ’ એવું મોટેથી પોકારવા લાગી. સ્વામી તો દૂર હતા. બે વખત તેનો અવાજ સાંભળ્યા પછી સ્વામીએ તેની તરફ જોઈને મોઢા પર આંગળી મૂકીને શુડડ એમ કહ્યું અને થોડા આગળ જઈને એક ભક્તની થાળીમાંની ચોકલેટસ હાથમાં લઈને તેની દિશામાં નાંખી. તેના નાનકડાં હાથમાં તે બરાબર પડી. તેણે તે ગણી તો કુલ છ હતી. કારણ કે તેના કુટુંબના છ જ વ્યક્તિ દર્શન માટે ગયા હતા. આટલી નાની ઘટનાથી તે છોકરીને એટલો આનંદ થયો કે તે અવર્ણનીય છે. કુટુંબની પ્રત્યેક વ્યક્તિના હાથમાં એક એક ચોકલેટ મૂકીને આ આનંદ તેણે દ્વિગુણીત કર્યો.

આટલી નાની ઘટનાથી જે ભક્તોને એટલો આનંદ મળતો હોય, તો સ્વામીની પૂર્ણ કૃપા થાય પછી શું થતું હશે? ભક્તોના બધા રિપુ  (ષદરિપુ) ઓગળી જાય છે, અને છેલ્લે રહે છેફ ક્ત શાશ્વત આનંદ.

સ્વામી કહે છે- " આનંદ આપવો એજ મારું કાર્ય છે. તેથી ફક્ત એકવાર બેવાર કે ત્રણવાર નહીં, પણ તમને જોઈએ તેટલી વાર હું તમારી પાસે આવીશ."

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||